ગુર્જરપતિમહારાજાધિરાજ

જયશીખરનાં નાટકનાં ગાંયન.

ગીતિ

અરે નથી કાંઇ અમમાં ગતિ, વળી, છે અજ્ઞાનતા નિશ્ચે;
તોપણ ઇશ કૃપાથી, રચ્યું જયશીખર ચરિત્ર દઢચિત્તે.

સર્વે હકક ઈને. — નનાથ દાણી.

કિંમત અગાઉથી બાર આના.



પ્રગટ કરનાર રતનલાલ જગ-

આ નાટકની મોટી બુક — હવે પછી બ હાર પડશે.

Registered under the Act xxv of 1867

સુરત.
'ધી રાઇઝીંગ સ્ટાર' પ્રીન્ટિંગ પ્રેસમાં
ગંગારામ આત્મારામ પંડિતે છાપ્યા.

કિંમત બે આના.

જયશીખર નાટકનાં ગાયનો.

સૂત્રધાર— "વંદુ અંબે પદ તુજ, પડીને—વંદુ

ભક્તભરણ શુભ કરણ જરણ સુખ, ચર શરણ છે તારૂં;

દળી આપી નિરમળી, કર મુજ મતિને. વંદુ

આયુધ ધરી નિજ અંગ, સહાયે કો ન લીધા સંગ,

માર્યા દૈત્ય માતંગ, રોળ્યો ચંડ પ્રચંડ, માતે જબરો મચવ્યો જંગ;

અરિદળ વાદળ નાંખી વિખેરી, શાંતિ પ્રસાર સુરંગે; દળી—વંદુ.

L L Vyas.

નટી— રાગ—કાફી

વસંતની લીલા છે ન્યારી. ન્યારીરે—વસંતની લીલા છે ન્યારી.

નાજુક ફૂલો પર્ણ સંગ શોભે, શુદ્ધી લેઇ છીનાવી;

સૂર્યનાં કીરણ રસને વધારે, સર્વ જનના મન હારી,

એ ધારો વિચારી—વસંત ની લીલા છે ન્યારી. ૧

મેના પોપટ મધુરજ બોલે. રહે મનુષ્યો વિચારી;

એ સઘળી ચીજ સાથેરે જોતાં. આવે યાદ એક ભારી,

ઇશ્વરની છે બલીહારી—વસંતની લીલા છે ન્યારી. ૨

સર્વપાત્રો— છજનપાલક—રાહ

હે દુઃખ હરતા સૃષ્ટી કરતા, ત્રીવિધ તાપ નિવારણા;

આ ટૂંક ખેલ અમારો છે, આશ્રય સર્વેને તમારો છે,

અલ્પ મતિથી કર્યો છે નાથ, પાર પાડવું તે તુજ હાથે

આપ મતિ પ્રસન્ન થઇ તાત, એ સર્વેની ધારણા—હેદુઃખ
વીંટાઇ વળીએ તારીપાસ, છેતુજમાં અમને ઘણી આશ;
પાત્ર જનો છે નીરાધાર, તું સર્વેમાં ગુણ ભંડાર,
મ્હાન્ દેવ તું નીરાકાર, ત્રીવિધ તાપ નિવારણા.—હેદુઃખ

રૂપસુંદરી— રઘુપતી રાંમ—રાહ

સખી મારીવાત કહુંતે સુણોરે, એક ચીત્તે તે મનમાં આણો. ટેક
સખી જુઓ બેઠાછે મોરરે, એતો કરેછે શોર બકોરરે;
કરે પોપટ મેના કલોલ, સખી મારી વાત કહુંતે સુણોરે. ૧
જોડ હંશ તણી બેઠી પેલીરે, તેને જોઇ થઇ હુંતો ઘેલીરે
તેમ કંથ વિનાહું બનેલી, સખી મારી વાત કહુંતે સુણોરે. ૨

સુલતાની રાજા— કલ્યાણ

માહાન રાજનો, તમો કૃપા કરો
વીનતી મારી શ્રવણ કરી, ઊરમાં ધરો. ટેક
નિશ્ચય મારો આજે જે છે, તે સૌ સુણજો કાન
પુત્રી મારી સહુથી પ્યારી, દેવું કન્યા દાન. મહાન
રૂપસુંદરી નામે મારી, પુત્રી જે વિખ્યાત
વચન સ્વયંવર કરવા કેરૂં, દીધું મેં સાક્ષાત. મહાન
ઊંચ લોહીના ક્ષત્રી રાયો, તેડાવ્યા મેં જ્હાંય
પુત્રી મારી વરશે તેને, પ્રસન્ન પડે જે રાય. મહાન
ફિસાદ ટંટો કરશો નહિ કો, સુણજો સૌ રાજાન,
હાંસી થાશે આપની વળી, ભંગ થશે નીજ માન. મહાન

ગઝલ

જયશીખર— મારા ધર્મથી વીશેષ—રાહ

કહે પ્રધાન શું કર્યું તેં, થયા ઘણેરા દીન,
હેવાલ તારા ઠરાવનો, તું કહેરે સદ્દીવ. કહે
ઇનસાફ તારે હાથથી, થયેલા હોયજે,
તપાસ્યા હોય કૅામ, જલ્દી તે તું મુજને કહે. કહે
ન્યાયથી ઉલટું જો કદી, તા'રા થકી થયું,
તો તો જાણ પ્રધાનપદું, તાહેરૂં ગયું. કહે

પ્રધાન— લાવણી.

છે ધર્મ ન્યાય (૨) ને નીતિ ગુરજર ભૂપ,
આપ રાજ્ય માંહેનથી, કાંઇ કુડ કપટ નું રૂપ.
પાઠશાળા માં (૨) અભ્યાસ કરેછે બાળ,
પ્રભુ લેછે જેથી કરીને, આપ રાજ્ય સંભાળ.
બ્રહ્મજન ને હું (૨) આપુંછું હંમેશ દાન,
તેથી સઘળા રાજ્યમાં, નૃપ વધ્યું તમારૂં માન.
વણ કૂડ કપટ (૨) વણીક કરે વે'પાર,
સર્વે પ્રજા વળી આપની, વરતે શાસ્ત્રાનુસાર.

પ્રજાજન— પીલુ—તાલ—લાવણી.

પ્રજા રક્ષક રાજા, વ્હાર કરોને, પ્રભુ આ રંકની;
જલ્દીથી તૈયાર થઇને, કરો અમારી વ્હાર,
કોઇક રાયનું સૈન્ય આવીને, દે છે દુઃખ અપાર. પ્રજા.

અસી ગ્રહીને હસ્તજ માંહે, કરો પ્રજાના કાજ,
દુષ્ટ દુસ્મનનું કાસળ કાઢી, સુખી કરો મા'રાજ. પ્રજા.
ક્ષત્રી કેરો ધર્મ સંભાળી, થાઓ દુસ્મનના કાળ,
તરવાર લઈ હસ્તને વીશે, ઊઠો હમ શિરદાર. પ્રજા.

જયશીખર—તરવાર નાગી હસ્ત ધરી હું, કરૂં અરીને પતન,
નામ યશરાજ મેંજ ધર્યું છે, હું ક્ષત્રીનો તન;

પ્રજાજન—પ્રજા રક્ષક રાજા, વ્હાર કરોને, પ્રભુ આ રંકની.

સુરપાળ— કુંવરી કુંવર મારા લાડકા-રાહ

પ્યારી મારી સાંભળ વાતતું યુધ્ધે જાવા વિચાર,
મીર સાથે હું યુધ્ધ કરૂં, જે સોલંકી સરદાર. પ્યારી
યુદ્ધ વીશે કામ આકરૂં, ભાલા, તીરના છે કામ,
શરીર ભેદે ક્ષણ વારમાં, થશે જ્યાં સંગરામ. પ્યારી
જસરાજનો હું સેનાપતિ, નામ ધરૂં સૂરપાળ,
મૃત્યુ થયે હું ડરું નહિ, લઇશ અરીના હું પ્રાણ. પ્યારી
જીતીને આવું જો કદી (તો) રાખું ગુરજરનામ,
પડું કાળે જો હું રણવીશે, તો તો છેલ્લા પ્રણામ. પ્યારી

વિમળાદેવી— રાગ સહર

પ્રાણનાથ માહારા પ્યારડા, યુદ્ધે જાઓછો આજ,
તપ્પર થયા જાવા રણવીશે, મુજ બાંધવનેરે કાજ. પ્રાણનાથ
સમશેર લઇ જલ્દી હસ્તમાં, કરો અરિનો સંહાર,
ફત્તેહ જય વરતાવો સૈન્યમાં, કરી કારી પ્રહાર. પ્રાણનાથ

હામ બીડી તમે સજ થઇ, કરો સૈન્ય તૈયાર,
સરદાર મીરને જીતીને, કાઢો દેશની બ્હાર. પ્રાણનાથ
શસ્ત્ર અસ્ત્રના શા ભારછે, ગણો તરણા સમાન,
શત્રુને રણ માંહે રોળીને, વાળો સોલંકી ઘાણ. પ્રાણનાથ
કેશને બાંધી પીડ વાળો, હસ્તે ગૃહો તલવાર,
સકળ સામંતને સજ્જકરી, ધશો રણમાં આ વાર. પ્રાણનાથ

સુરપાળ—(લશ્કરને) લાવણી

સ્મરણ કરી સહુ શંભુ કેરૂં, યુધ્ધમાં ઝટ ચાલો,
હિંમત ધારી મંન વિશે નીજ, દુસ્મન ને બાળો.
શસ્ત્ર અસ્ત્રને સજ્જ કરીને, હિંમત સૌ રાખો,
શૂર બનીને રણ ભૂમિને, હર્ષ થકી ભાખો.
હર્ષ લાવીને મંન વિશે સૌ, શત્રુ ત્રફડાવો,
અપાર સૈન્યો અરી તણાને, ત્રાહે પોકરાવો.
શિયાળ સમ સોલંકી થકીશું; ગુર્જર સિંહ ડરશે!
સોલંકીનો ઘાણ કાઢીને, પછી થકીજ પડશે.

સુરપાળ (રણક્ષેત્રમાં મીરને)ક્ષત્રી કલંક—ચાહ

ધિક ધીક તુને કમજાત.
ગુર્જર સામો નહીં ટકેરે ટેક
જોજે ગુર્જરોના તુંતો હાથ. ગુર્જર
નથી જોયાતેં સુરપાળ હસ્ત. ગુર્જર
જે ઊભો આવી તારી સમક્ષ. ગુર્જર
અરે દુષ્ટ નફ્ફટ સીરદાર. ગુર્જર

તને કર્યોછે અપાર ખુવાર. ગુર્જર
શું મુખલઇ ઊભો આ ઠામ. ગુર્જર
હું પહોંચાડીશ તુજને સ્વધામ. ગુર્જર
પણ જાણ નાણ આવ્યો તુજકાળ ગુર્જર
તને રોળું રણે તોજ સૂરપાળ. ગુર્જર

મીર— નિર્બળશત્રુ સબળ રાજ્યપર—રાહ

છટ છટ દુશ્મન શું મુખ લેઇને, હામ ભીડાને આવ્યોછે!
બોલાવતા'રો રાય જયશીખર. શું મુખ લેઇ સંતાયોછે!
શીર કર હું છેદન, તારી કરી દેહ પતન---શીર
(હવે)આવ્યો તુજ કાળ, દેખી પ્રગટેછે ઝાળ,
નક્કી કરીલે વિચાર, થાશે સુનો આ સંસાર. છટ છટ

મીર— ચોપાઇ ત્રિતાલની

સુણો રાજાજી મા'રી વાત, સર્વે સોલંકીની થઇ ઘાત.
છે સુરપાળ શૂરો સીરદાર, તેણે દીધા મુને ધીટકાર.
તેની વાતતે કહું શું હું મુખથી, લઢે યુધ્ધ વિશે તેતો સુખથી,
સઘળી વાત રહીગઇ મનમાં, ભરી હતી જે મારા તનમાં
આવી ઓચિંતો માર્યોજ છાપો, મુને કુમક ફરીથી આપો,
સોળ યોધ્ધા છે આપણી પાસે, તેને ઊડાવી દે એક શ્વાસે.
યા રામ! કરવાની તેનીરે રીત. એણે ચોરી લીધું મુજ ચીત,
એક ઘાથી નસાડયારે અમને, તીરસ્કાર દેતો ધરે તમને.
ચઢ્યો ચણ બળે મન મા'રૂં, યુક્તીથી હુંતો એને વિડારૂં,
માટે કરવો કાંઇ ઉપાય, જેથી કામ આપણું સીધ્ધ થાય.

[illegible]ીશ—રાહ

ભુવડ—સુણો મારા [illegible] [illegible]દાર, છોડો શોક તમે આવાર. શુણો
સેનાપતિ-જઇ યુ[illegible] [illegible] સુરપાળ, ઘાત કર્યો તેની તત્કાળ. શુણો
પ્રધાન—-કરો તૈયાર [illegible] [illegible] સાળ, પકડીએ ઝટ કર્ણને ખોળ. શુણો
ભુવડ—-કુંવર કર્ણ આવીને સાથ, કરે નીશ્ચે એ એનીઘાત. શુણો
કર્ણ—-—-દુષ્ટ જસરાજ ધરે મન ગર્વ, ચાલો આવીને તજાવું સર્વ. શુણો
કર્ણ—**સદેશો ક્ષત્રી સુતાએ** અથવા **પ્યારી હાજરછે—રાહ**

વર્ત્તમાન યુધ્ધે ચઢયાનો હું લાવ્યો,
શસ્ત્ર અસ્ત્ર લઇ તુજ પાસ આવ્યો. વ-ર્તમાન
યુધ્ધે જવાને સજ્જ થઇને,
આજ્ઞા લેવા હું તુજ પાસ આવ્યો. વ-ર્તમાન
આજ્ઞારે દેતું જલ્દીથી મુજને,
આપણા મીરને ચંડાળે હરાવ્યો. વ-ર્તમાન
મન વિશે હું શૂર ચઢાવી,
(જાણ) સુરપાળને અમણાં હરાવ્યો. વ-ર્તમાન
વીલંબ કરવો ઘટિત નથીમા
જાણ જયશીખર મસ્તક લાવ્યો. વ-ર્તમાન

દક્ષણી લાવણી

સાંભળરે અરે વ્હાલી માત મારીરે
શીરછત્ર, ગૂડાંને શસ્ત્ર, જાવું તત્ર, આવું અત્ર
જોતું મન વિચારીરે.— સાંભળરે

રાણીને કુળની ટેક, લડશું અરી સાથરે
ધરતું ઊર, જાવું છે દૂર, આવુડું તૂર્ત, જાયછે મૂર્ત
રજા દે માતા મારીરે.— સાંભળરે

કર્ણ— ...પ્રિયાછે દિવસ બાર–રાહ

પ્રાણ પ્રીય કાન્તા મારી, જાવું યુધ્ધે આજ,
ગુર્જરપતિ જયશિખરના, શીર છેદન કાજ.
પ્રાણ પ્રિયા વ્હા'લી મારી, હૈયાનો તું હાર,
ગુર્જર કેરા રાય થાઉં, જીતીને આવાર.
માટે પ્રિયા જાવું નક્કી, યુધ્ધ કેરે કાજ,
જલ્દી રજા આપો મુંને, વ્હાલી મારી આજ.

કાન્તા— જનુની જીવોરે ગોપીચંદની–રાહ

એશું વદોરે પ્રાણ માહેરા, કેમ તરછોડો નારજી
યુધ્ધે રહું તમ સાથમાં, આવવા છું તૈયારજી
યુધ્ધે લીઓ સ્વામી મૂજને.

કર્ણ—યુધ્ધ વિષે કામ આકરું, ભાલા તીરના છે મારજી
શરીર કંપેરે પ્રીયા તમતણું, શુણતાં રણતૂર નાદજી
યુધ્ધે નથી કામ સુંદરી.

કાન્તા—આયુધ્ધ સર્વે જોયા બહુ, મારા પીતાને ત્યાંહેજી
ક્ષત્રી પુત્રીતો કેમડરે, નોહે કાયરની બાળજી
યુધ્ધે લીઓ સ્વામી મૂજને.

કર્ણ—પ્યારીજો આવેતું મુજ સંગે, હુંથી ન થાએ સંગ્રામજી

માટે રહો પ્રીયા ઘરવીશે. સ્રીનું નહીં રણે કામજી
યુધ્ધે નથી કામ સુંદરી.

કન્તા-ત્યારે સ્વામી રહો ઘર વીશે, છોડી યુધ્ધની વાતજી
ભાત ભાતનાં સુખ ભોગવો. રહી મારી સંગાથજી
યુધ્ધે લીઓ સ્વામી મુજને.

કર્ણ—ક્ષત્રી બચ્ચો પાછો નવ ફરે, જીતી થશે ગુર્જર રાયજી
ગુજરાત પ્રાંત વીશાળછે, મા'લીએ તેની માંહેજી
રંગતરે દીઓ પ્યારી મુજને.

કાન્તા-જાઓ જ્યારે રે તમે યુધ્ધમાં. રહું કોની હું સાથજી
વિચાર કરો સ્વામી માહેરા, મળીએ આપણે નાથજી
કેમ છોડી જાઓ નારને.

સુરપાળ— કમલાજીપરના હો પીતા મારા—રાહ

તુંને હણું હાથેથી હો ભુવડ છઈયા; ટેક
પાછો પગતો અમો નહીં દઈશું જલ્દી વીંધુ તીરેથી: હો
માત તારીએ આજ્ઞા દીધિકે, પાછો આવ્યો લડેથી: હો
ગુરજર કેરે શર્ણે આવેતો, જાય જીવતા રણેથી; હો

કર્ણ **કરણ શું બેશો રેશેરે—રાહ**

ધિ:ક ધીક ગુર્જર સીરદાર
ભુવડ તન નવ લડેરે ટેક
ધિ:ક નામ ધર્યું તેં સુરપાળ ભુવડ
સોલંકીને શું સમજે તુજમન ભુવડ
નથી ઓળખતો કુંવર કરણ ભુવડ

તારૂં કરૂં હું શીર છેદન ભૂવડ
દુષ્ટ જયશીખરને કરૂં પતન ભૂવડ
હવે આવ્યોછેસમજ તુજ કાળ ભૂવડ
નથી મળ્યો તુને સોલંકીનો બાળ ભૂવડ
નથી જોયો કરણ કેરા હરત ભૂવડ
તને હણીશ હું ગુર્જરેશ સમસ્ત ભૂવડ

ભુવડ—જગતમાં સત્ય ખરેખરૂં સ્થાયી—રાહ

પ્યારી યુદ્ધે જાવું છે મારે આજ, દુષ્ટ જસરાજનું લેવા રાજ—ટેક
અસંખ્ય શત્રુનો ઘાણ કાઢીને, મારૂં જસરાજ રાય
રાજ્યધાની હું એની લઊં જ્યારે, ત્યારેજ ટાઢક થાય—પ્યારી
મીર કરણને હાંકી કાઢયા એણે, દઇને ઘણા ધીટકાર
તે સાંખી હું અહિંઆ બેશું તો, જીવ્યું મુજ ધીક્કાર—પ્યારી
કુંવર કરણને સાથે રાખી, ચલાવજો કારભાર
રાજ્ય એનું જીતી લઇશહું પલમાં, મારીને સુરપાળ—પ્યારી

સામંતો— હરગુલ પર ને કોપેર—રાહ

કેમ કરોછો આટલીવેળ! રાજા ચલો લસ્કરમાં (૨)
હાથી ઘોડા સઊ હાજરછે, કરો ઝટ કૂચની પેર; રાજા
મારીને જઇ રાય જયશીખર, કરીએ લીલા લે'ર; રાજા
ગઢ કુંજરનો તોડી આજે, મારો દુષ્ટોને ઠેર; રાજા
ભુવડ—હાથે શુરાઓ ખડ્ગ ધરીને, ઝટ વરતાવો કેર; શુરાચલો

ગઝલ

જયશીખર—સુણ પ્રીયા જાવું મા'રે યુધ્ધ કેરે કાજ

જઇને રાય ભૂવડ તણો, ગર્વ તોડું આજ.

રૂપસુંદરી—સ્વામી જાઓ યુધ્ધ વિશે, રહું હું કોની પાસ
તમ વીયોગે કરીને સદા, રહીશ હું ઉદાસ.

જયશીખર—પ્રાણ પ્રિયા વ્હાલી મારી, હૈયાનો તું હાર
યુધ્ધ વિશે જઇ અરીનો, [illegible] સંહાર.

રૂપસુંદરી—પ્રાણ પ્યારા સ્વામી મારા, આવું હું તમ સાથ
દુષ્ટ રાય પતન કરૂં, અરી ગ્રહીને હાથ

જયશીખર—સુણ પ્યારી આવે સંગ, યુધ્ધ હુંથી નથાય
માટે પ્રિયા ઘેર રહીને, કરશે શંભુ સહાય

પ્યારસેં બદલી કરું—રાહ

રૂપસુંદરી—કેમરે તજી જાશો પ્રીતમ પ્રિય—(૨)
પ્રાણ પ્યારીને છોડી કેમ જાશો? એકલી હું મ્હેલમાંય!
જાશો તમે પિયુ રણને રે વીશે, વિયોગ નાહીં સેવાય પ્રીતમ
તજી જાશો જો દુસ્મન થઇને, જીવ મુજ નીકળી જાય;
આવવા મારૂં મન તલસે છે, કેમ એકલડું રેવાય? પ્રીતમ

ઇંગ્લીશ—રાહ

સામંત—તૈયાર થૅઇ શૂરવીર, રાખો ગુર્જરેશનો ટેક
હાંકી કાઢો ભૂવડ રાય, કલ્યાણી સુધાતો છેક
ભાલા ગ્રહો હસ્તેનીજ, રાખીને શત્રુશું રીસ;
મારો મીર સામંત સૌ, છેદો કરણ કેરૂં શીશ; તૈયાર
રાખી મંન ટેક આજ, લઢો તમે સ્વદેશ કાજ;
કરો જઇ દુસ્મનને ચૂર, રહે જેથી પિત્રીની લાજ. તૈયાર

કરણ તથા યોદ્ધાઓ. તમે બધા બહાદુર—રાહ

ચાલો ચાલો શૂરા યુદ્ધ માંહી. લડવાને સૌ સજ્જ થાઇ.
શૂરવીર! તૈયારજ થાઇ, તમે વારલગાડો નાહીં.
વાઢો વાઢો જઇ [illegible]ટ ત્યાંઇ, સ્વામિ ગુરજરને સાહી.
જઇ લઢો ગુર્જ[illegible] સાથ, રોગી નાખો ભીડીને બાથ,
દાખું તેઓને એકજ હાથ.
ઝટઝટ. ભીડિ મન હામ, લઈ શિવનામ,
તૈયારજ થાઇ. લડવાને૦ ચાલો૦ ૧
લઢો ભૂપ જયશીખર સાથ, સુણો લક્ષ દઇ મુજવાત.
ગુર્જરની છે શી વિશાત.
નટખટ. જુઓશું આમ! કરી મુખ શ્યામ!
ક્ષત્રી તન થાઇ! લડવાને૦ ચાલો૦ ૨

જયશીખર— ક્ષત્રી કલંક કેમ લેશોરે—રાહ

સાંભળ તું સોલંકી ભૂપાળ—ગુર્જર કેમ ટેક તજેરે
જાણું આવ્યો હવે દુષ્ટ તુજ કાળ ગુર્જર
સાંભળ તું કલ્યાણી નાથ ગુર્જર
જાણું ભૂ[illegible] સિંહ શું બાથ ગુર્જર
તારૂં ઉતારીશ હું અભીમાન ગુર્જર
શું [illegible]નેઇ રહ્યો નફ્ફટ નાદાન ગુર્જર
[illegible]ણું જાણ બચવો હવે મુશ્કેલ ગુર્જર
[illegible]રૂં રણભૂમિમા હું કાઢું તેલ ગુર્જર
[illegible]વે હાથ ઝાલ તું સમશેર ગુર્જર
[illegible]ળ કરે તુજ માથે કેર ગુર્જર

ભુવડ— કરણ શું બેશી રેશોરે—રાહ

સાંભળ તું કાયર રાય પ્રતાપી ભુવડ પંડે ચડયોરે
તને હણવા બહુ છે ઉપાય પ્રતાપી
યુધ્ધે થાતું તૈયાર મુજ સંગ પ્રતાપી
નહિતો થાશે દુષ્ટ તું માન ભંગ પ્રતાપી
હું શુરવીર કલ્યાણી રાય પ્રતાપી
હાની થાશે તારા પ્રાણની ત્યાંય પ્રતાપી
તું જેવો ધારે આપ સિંહ રાય પ્રતાપી
મુજ હસ્તે ઘણા સિંહ હણાય પ્રતાપી
કેમ દુષ્ટ જોઇ મુને બન્યો સ્તબ્ધ! પ્રતાપી
હવે જોઇલે પ્રતાપિ કેરા હસ્ત પ્રતાપી

દાસી— મરસીઓ

હાય હાયરે સિંહ પડયો તે ગુજરાતનો, સિંહ પડયોતે ગુજરાતનો !
પ્રભુ દુઃખ આતે કેમ ખમાયજો-જી હાય હાયરે ટેક
ગર્ભવંતીછે એહની નારી, કષ્ટ પામી અતિશે બીચારી
સુખતણી એકે ન રહી બારીરે—હાય હાયરે ૧
હતું વદન પૂર્ણીમાનો ચંદ્ર, લહાય સળગી થયા અમો મંદ
હજુ ઊડે શરીરે સુગંધ રે—હાય હાયરે ૨
પ્રભુ મહેર કરીને નીહાળો, દુઃખ સર્વે અમારાં રે ટાળો
દયા લાવીને બાંહ્ય અમ ઝાલોરે—હાય હાયરે ૩
પ્રભુ સુંદર છે એહની નારી, એથી અધીક નથી કો રૂપાળી
કૃપા કરી લે તેને ઉગારીરે—હાય હાયરે ૪
શોભા કહીએ શું એહના તાજની, આણ વરતીતી એહ મહારાજની
ખૂબી કહીએ શું એના રાજની રે—હાય હાયરે ૫
શંકરબારોટ તે કેવા મહાલતા, ભલભલા તે ભાલાઓ ઝાલતા

રણમાં પડી તેઓ થયા ચાલતા રે–હાય હાયરે. ૬
કેવો આવ્યોછે વિપરીત આ કાળ, કયાં હશે શૂરો સુરપાળ
સ્મરણ કરતાં ઊઠેછે ઝાળરે–હાય હાયરે ૭
હતો વીર પુરૂષમાં એ શ્રેષ્ઠ, પ્રીતે પાળતો પોતાનીએ ટેક
નથી એના જેવો વીર એકરે–હાય હાયરે ૮
કીધું ભુવડ શું યુધ્ધ એણે ભારી, નાખ્યા કંઇક શૂરાઓને મારી
પણ દૈવે કીધો કેર કારીરે–હાય હાયરે ૯
થયું હશે શું રૂપસુંદરી નું, રક્ષણ કરજે કૃપાળુ તું તેનું
પ્રભુ નીવાર દુઃખતું એનુંરે–હાય હાયરે ૧૦
પ્રભુ નામ એનું કાંઇ રાખે, કૃપાકરીને પુત્ર સુખ આપે
તે આવી સ્વરાજ્ય પોતે સ્થાપેરે–હાય હાયરે ૧૧

ભુવડ— **માલીનિ** નીચાલ

હર હર હર આમેં, કોપ કીધોજ ભારી;
શૂરવીર જયશિખરને, નાખીયો મેંજ મારી.
કોણ કોણ કોણ ભીડશે, બાથ મારીજ સંગે;
લડયો લડયો મુજ સાથે, ટેક રાખી ઉમંગે.
શિવ શિવ શિવ આવી, બુધ્ધી તેં કેમ આપી;
ધિઃક ધિઃક ધિઃક મુજને, નાખીયો વીર કાપી.
નથિ નથિ નથિ બીજો, જે લડે મૂજ સાથે;
હણુ હણુ હણુ જઇને, ખોળી સુરપાળ હાથે.

રૂપસુંદરી— **પોલક**

પ્રાણ પ્યારીને એકલી, મુકીને આપ ચાલ્યા કયાંય
વહારે પ્રિયાની જરી, આવી નહીં દયારે ત્યાંય. પ્રાણ–૧
મૃત્યુ આપના થકી, હૃદય વિશે સળગ્યો છાં દવ,

વિયોગે આપના હવે, કેમ સહીશ હું આખો ભવ. પ્રાણ–૨

ગુર્જરભૂમિ નું નાક ગયું, થઇ ગયોરે સૂર્ય અસ્ત,
મૃત્યુ મા'રૂં થયું નહીં, સહેવું પડેછે આવું કષ્ટ. પ્રાણ–૩
ધિઃકછે મુંને આજ કે, હજી લગી હું જીવી રહી
અભાગણી હું એટલી, કે તમ સંગે આવી નહીં. પ્રાણ–૪

વિમળદેવી— **ભીંપળાસ**

એની છોડોશોચ તે હો, શા માટે વિલાપ કરો !
થયું જે થાવાનું તે હો, શીદને ચિંતા ધરો ?
મૃત્યુ જન કેરૂં તે હો, પ્રભૂજી એ નીરમ્યું.
જનમ મરણે તે હો, નથી કોઇ કામ તણું.
માટે મારી એની હો, સમજો ને કાંઇ તમે.
ગર્ભ કેરો લાભ તે હો. લ્યોને તમે આરે સમે.

મેવાડો

પ્યારી એની તું રાખ નીરાંતરે, ડરીશ નહિ જરી ટેક
ચડતીનો સૂર્ય અસ્ત થયોછે, સાંભળ માહેરા પ્રાણ,
દુઃખનું વાદળ જશેજ ઉતરી, તે તું નિશ્ચે જાણરે. ડરીશ
ભાવી હશે તેવું થયુંને, દુઃખ પડયું આ અપાર
બનવાનું તે બની ગયુંને ટળ્યું નહીં કાંઇ લગારરે. ડરીશ
દુષ્ટ ભુવડે યત્ન કીધોછે. ધાર્યું ભાવીનું તે થાય
ઇશે કૃપા રાખી નહીંને, કીધીછે એને સ્હાયરે. ડરીશ
શોક છોડીને ઓ રૂપસુંદરી, ધીરજ ધરતુંરે મન
વિલાપ કરવાથી અરે, એની ગળીજશે તુજ તનરે. ડરીશ
ગર્ભ રહ્યોછે તાહરેરે, અવતરે જો કદી તન
વેર વાળશે તે પીતાતણું, કરી સોલંકીને પતનરે. ડરીશ

સુરપાળ— **લાવણી**

“શા બુરા હાલ ગુજરાત, પડી ગઇ રાત, દીવાળી નિતજ્યાં,
આ ચણુ ચણુ ચણ લોહી બળે, દુઃખ તુજ જોતાં. ટેક
તુજ તનુજ ઉપર કેવી, આવીછે પડી, બુરી આફતશી,
સ્વામી તુજ કેરા થયા, મ્લેચ્છ પરદેશી,
પડ્યો જયશીખર સરદાર, મારિ અરિંદાર, હડીસો પૂરો,
મુખી પોક રોતી નથી કેમ. ગયે તુજ શૂરો,
શું વજ્ર સમું તુજ હૃદે, હજી પણુ મદે? દિસે ભરપૂર,
મન માહી લાજતું જરી, બની કેમ ક્રૂર.

ઝુલ.

તું થઇ ગઇ આવી કેમ?
તને નથી જરા કંઇ હેમ?
શો છે કે ઉતાર્યો પ્રેમ!

તું વિધવા થૈ શું વરે, અન્ય પતિ ખરે, પ્રિતી તુજ ગઇ ક્યાં? આ.”

L. L. Vyas.

સર્વપાત્રો— **જય અંતેથશે—રાહ**

જે શૂરાઓ હશે, પડે સ્વર્ગમાં જશે;
લજયશીખર ગુર્જરો પતિ; સ્વર્ગ વીશે થઇ જેની ગતિ;
ભુવડ સાથ, ભીડી બાથ મૃત્યુલગી ખરે-પડે૦ ૧
ગુર્જર ટેક એણે સાચવ્યો; દુશ્મન કેરે શર્ણના ગયો;
ધરીને ખડ્ગ થઇને મગન અરિપરે ધસે-પડે૦ ૨
કરણુ કાર્ય અલ્પ અમમતિ; માફ દેશો ભુલ હશે અતિ;
આપ સીધારો, ‘ફરી પધારો’ ખુશીથી બોલજે-પડે૦ ૩ ”

જાહેર ખબર.

અત્રેના તથા બહારના સુજ્ઞ ગૃહસ્થોને વિનંતી કરવામાં આવે છે કે આ ચોપડી જેઓ સાહેબોને જોઇતી હોય તેમણે નીચે લખેલે ઠેકાણે થી રોકડી કીંમતે મંગાવી લેવી તથા દેશાવરના ગ્રાહકોએ ટપાલ ખર્ચ જુદો મોકલવો; પત્ર વહેવાર પણ નીચેને સરનામે રાખવો અથવા જાતે મળવું. નૉટ પેઇડ કાગળ નહી લેવામાં આવે.

સુરત. રા૦ રા૦ મગનલાલ રાજારાંમ કૅરેજ ઇન્સ્પેકટર. સોનીફળીયા વાઘેશ્વરીની પોળ.

રા૦ રા૦ કેશવરાંમ રાજારાંમ ત્રિવેદી હવાડીએ ચકલે.

રા૦ રા૦ ઠાકોરરાંમ વલ્લભરાંમ ઉપાધ્યા અભિમન્યુ નાટકના કર્તા; ભુતફળીએ.

મુંબઇ રા૦ રા૦ રેવાશંકર રતનરાંમ શા૦ તાપીદાસ ત્રીભોવનદાસના માળામાં; ડોંગરી.

ભરૂચ–મી૦ બ્રીજમોહનલાલ હરકીસનદાસ ઝવેરી. ભુતનાથ ફળીઆ.

સામટી ખરીદ કરનારને કમીશન વિગેરેનો પક્કો બંદોબસ્ત કરી આપવામાં આવશે.

I R Trivedi

ગ્રંથકર્તા.